# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-08-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યના પ્રવાસ દરમિયાન પાંચ હજાર 477 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
2) રાજ્યનાં 207 તાલુકામાં વરસાદ – સૌથી વધુ સવા ચાર ઈંચ જેટલો વરસાદ વલસાડમાં - આવતીકાલે મહેસાણા , સાબરકાંઠા, અરવલ્લી અને જુનાગઢમાં અતિભારે વરસાદની આગાહી
3) પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર , જામનગર સહિત રાજ્યભરના શિવ મંદિરોમાં શ્રાવણના છેલ્લા દિવસે ભક્તોની ભીડ
4) અંબાજીમાં યોજાનારા ભાદરવી પૂનમના મહામેળા માટે શ્રદ્ધાળુઓ ઘરેબેઠા પાર્કિંગની જગ્યા નોંધાવી શકશે
5) અમદાવાદનાં ખેલાડી એલાવેનિલ વલારિવાને કઝાખસ્તાનમાં 16-મી એશિયન નિશાનેબાજ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM MODI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25 અને 26 ઑગસ્ટે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ મહેસૂલ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ એક હજાર 218 કરોડ રૂપિયાની વિકાસકાર્યોની ભેટ આપશે. સાથે જ શ્રી મોદી અમદાવાદ , ગાંધીનગર અને મહેસાણા માટે અંદાજે પાંચ હજાર 477 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. પ્રધાનમંત્રી 25 તારીખે અમદાવાદના નિકોલમાં આવેલા ખોડલધામ મેદાનમાં જાહેરસભા પણ સંબોધશે. સાંભળીએ એક અહેવાલ.

**(V/C- PRAVESH ADIACHA)**

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસના પ્રવાસ દરમિયાન અમદાવાદમાં અંદાજે ત્રણ હજાર 125 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસકાર્યોની ભેટ આપશે. તેઓ અમદાવાદમાં બે હજાર 209 કરોડ રૂપિયાની પરિયોજનાનું ખાતમુહૂર્ત અને 916 કરોડ રૂપિયાની , UGVCL હેઠળ વીજ વિતરણ પ્રણાલિ સહિત અનેક પરિયોજનાનું લોકાર્પણ કરશે. શ્રી મોદી ગાંધીનગરને અંદાજે 555 કરોડ રૂપિયા અને મહેસાણાને અંદાજે એક હજાર 796 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાની ભેટ આપશે. ઉપરાંત શ્રી મોદી મહેસાણામાં બે ટ્રેનને પ્રસ્થાન કરાવી એક હજાર 400 કરોડ રૂપિયાથી વધુની રેલવે પરિયોજના દેશને સમર્પિત કરશે. આ રેલવે પરિયોજના ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા , બનાસકાંઠા અને પાટણ જિલ્લાને બ્રૉડગેજ લાઇન દ્વારા સરળ , સલામત કનેક્ટિવિટી પ્રદાન કરશે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

. . . . .

# RAIN IN DISTRICTS

રાજ્યમાં વરસાદનું જોર વધતાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 207 તાલુકામાં વરસાદ થયો. સૌથી વધુ સવા ચાર ઇંચ જેટલો વરસાદ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં થયાના અહેવાલ છે. જ્યારે જુનાગઢના ભેસણ , વલસાડના પારડી, તાપીના વ્યારા અને સોનગઢ સહિત 26 તાલુકામાં બેથી ચાર ઇંચ જેટલો વરસાદ થતાં રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 79 ટકા વરસાદ થયો છે.

બીજી તરફ, રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા નિગમ યોજનાની સંગ્રહ ક્ષમતા 83 ટકા જેટલી થઈ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી 59 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. જ્યારે 78 બંધ હાઈ અલર્ટ પર છે.

વરસાદને કારણે કચ્છ અને વડોદરામાં એક —એક અને પોરબંદરમાં બે બે રાજ્ય ધોરીમાર્ગ સહિત કુલ 220 રસ્તા વાહનવ્યવહાર માટે બંધ છે.

. . . .

# RAIN OVERALL

રાજ્યનાં અનેક જિલ્લામાં આજે વરસાદ વરસી રહ્યો છે. વલસાડનાં ધરમપુર તાલુકામાં 4 ઇંચ જેટલો વરસાદ થતાં કેટલાક લોલાઈન કોઝવે પર પાણી ફરી વળ્યું. તેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો. કેળવણી અને ચિચોઝર ગામને જોડતી લાવણી નદી પર બનેલા લો લાઈન કોઝવે પરથી પાણી ફરી વળ્યાં છે. હાલ તાલુકાની તમામ નદી બે કાંઠે વહી રહી છે.

તાપીમાં સવારથી વરસાદથી નદીઓમાં ભરપૂર પાણીની આવક થઈ. વરસાદને લીધે સોનગઢ તાલુકાનાં ખડકા ચિખલી ગામે કોતર પરથી પસાર થતાં એક બાઇકસવાર તણાયો હોવાના અહેવાલ છે. જ્યારે એક વ્યક્તિની શોધખોળ ચાલી રહી છે. ભારે વરસાદનાં કારણે જિલ્લાનાં 14 માર્ગ બંધ કરાયાં. નદી પટના ગામોને અલર્ટ કરાયા.

ડાંગના સાપુતારા ખાતે વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જિલ્લાની પૂર્ણા , અંબિકા , ગિરા , ખાપરી નદીના જળસ્તર વધી રહ્યું છે. વધુ માહિતી અમારા પ્રતિનિધિ પાસેથી

**(વોઈસ-કાસ્ટ મુનિરા શેખ)**

રાજસ્થાનના બજાજ સાગર બંધમાંથી 28 હજાર ક્યૂસેક પાણી છોડાતા મહી નદી બે કાંઠે થઈ છે. અને કડાણા બંધની આવકમાં વધારો થયો. હાલ 90 હજાર ક્યૂસેક પાણીની આવક થતાં કડાણા પાવર પ્રોજેક્ટ શરૂ કરાયો.

અરવલ્લીમાં જામતાભિલોડાની ઇન્દ્રાશી નદીમાં નવા નીર આવ્યા છે. સાથે જ સુનસર ધોધ વધુ એકવાર જીવંત થયો. મોડાસા સહિત આસપાસના વિસ્તારમાં ધોધમાર વરસાદી ઝાપટું થયું હતું.

ગાંધીનગર ઉપરવાસમાં વરસાદને કારણે સાબરમતી નદીમાં પાણીની આવક થઈ છે.

ધરોઈ બંધમાંથી પાણી છોડાતા સંતસરોવરના પાંચ દરવાજા ખોલીને પાણી

અમદાવાદ તરફ છોડવામાં આવ્યું . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ રાજ્યમાં આગામી 29 તારીખ સુધી વરસાદની આગાહી કરી છે. ત્યારે મહેસાણા , સાબરકાંઠા, અરવલ્લી અને જુનાગઢમાં છૂટાછવાયા સ્થળ પર આવતીકાલે અતિભારે વરસાદની સંભાવના છે. પોરબંદર , ગીરસોમનાથ, બનાસકાંઠા, પાટણ, નવસારી સહિતના જિલ્લાઓમાં આવતીકાલે ભારે વરસાદ થઈ શકે છે. માછીમારોને પણ 27 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુ માહિતી આપી.

**(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AMDAVAD)**

. .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...........

# SHRAVAN MAHINO PURNA

શ્રાવણ માસના છેલ્લા દિવસ નિમિત્તે  આજે રાજ્યના તમામ શિવમંદિરોમાં સવારથી જ ભક્તોની ભીડ જોવા મળી. છોટી કાશીથી ઓળખાતા જામનગર હોય કે પછી પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર હોય. દરેક શિવ  મંદિરોમાં સમગ્ર દિવસ દરમિયાન "હરહર મહાદેવ"ના નાદ ગૂંજી રહ્યા છે.

જામનગરમાં પૌરાણિક શિવ મંદિરોમાં આજે શ્રાવણનાં છેલ્લાં દિવસે ભક્તોએ શિશ ઝૂકાવ્યું. સાંભળીએ એક અહેવાલ..

**(V/C- JAGAT RAVAL, PTC, JAMNAGAR)**

બોટાદના સુપ્રસિદ્ધ સાળંગપુરધામ  શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે અમાસ નિમિત્તે હનુમાન દાદાને એક હજાર કિલોથી  વધુની વિવિધ ચોકલેટનો શણગાર અને અન્નકૂટ ધરાવાયો.

સાબરકાંઠામાં પણ આજે શનિ અમાવસ્યા અને શ્રાવણના છેલ્લા દિવસે શનિ મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી.

ભાવનગરના પૌરાણિક તીર્થધામ નિષ્કલંક મહાદેવ મંદિર કોળિયાક ખાતે હજારો ભાવિકે સમુદ્ર સ્નાન કરી ધન્યતા અનુભવી. શ્રાવણ માસ પૂર્ણ થતા ભાદરવી અમાસ નિમિત્તે કોળિયાક ખાતે નિષ્કલંક મહાદેવ મંદિરે મેળો ભરાય છે.

છોટાઉદેપુરના બોડેલી તાલુકાના તરગોળ ટપ્પાનું પવિત્ર યાત્રાધામ ઝંડ હનુમાન ખાતે વર્ષો જૂની પરંપરા મુજબ આજે મેળો ભરાયો. દરમિયાન સવા એક લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દાદાના દર્શન કર્યા.

. . . .

# PATAN LOK MELO

પાટણ જિલ્લાના હારીજ તાલુકાના અડિયા ગામમાં બે દિવસનાં લોકમેળાનો આજથી પ્રારંભ થયો . વરસાદી વાતાવરણમાં પણ મેળો માણવા અને ભોળાનાથ દૂધેશ્વર મહાદેવના દર્શન કરવા સમગ્ર પંથકમાંથી મોટી સંખ્યામાં લોકો અડિયા ગામમાં આવ્યા છે . ઉત્તર ગુજરાતના સૌથી મોટા શ્રાવણીયા મેળા પૈકીના એક એવા બે દિવસનો આ લોકમેળો દર વર્ષે શ્રાવણ અમાસ અને ભાદરવા સુદ એકમ નિમિત્તે યોજાય છે . તેને લઈ સમગ્ર દૂધેશ્વર મહાદેવ મંદિરને વિશેષ ફૂલોથી શણગારાયું છે.

. . .

# AMBAJI BHADARVI MELO

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં યોજાનારા ભાદરવી પૂનમના મહામેળામાં શ્રદ્ધાળુઓ માટે ઑનલાઇન નિઃશુલ્ક પાર્કિંગની સુવિધાની વિશેષ પહેલ કરવામાં આવી છે. યાત્રાળુઓ ઘરેબેઠા પોતાના વાહનના નિઃશુલ્ક પાર્કિંગની નોંધણી કરાવી શકશે. આ માટે તેમણે મૉબાઈલમાં પ્લેસ્ટોર પરથી "શો માય પાર્કિંગ" એપ્લિકેશન ડાઉનલોડ કરવી પડશે.

એપમાં મૉબાઈલ નંબર થકી લૉગ-ઇન કર્યા બાદ મૅન ડેશબોર્ડમાં "અંબાજી ભાદરવી પૂનમ મહામેળો 2025 " શ્રેણી પસંદ કરવાની રહેશે. ત્યારબાદ તારીખ પસંદ કરીને વાહન નંબર ઉંમેરી પાર્કિંગ સ્થળ પસંદ કરવાનું રહેશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે , અંબાજીમાં એકથી સાત સપ્ટેમ્બર સુધી આ મહામેળો યોજાશે.

. . .

# GUJCOST SPACE DAY

રાજ્ય સરકારના ગુજરાત વિજ્ઞાન અને ટૅક્નોલૉજી પરિસદ- ગુજકૉસ્ટ દ્વારા રાષ્ટ્રીય અવકાશ દિવસની 12 દિવસની ઉજવણીનું આજે સમાપન થયું. આ સમયગાળા દરમિયાન રાજ્યના તમામ જિલ્લામાં અને પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર પર વિવિધ કાર્યક્રમ યોજાયા. તેમાં 50 હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. યુવા વિદ્યાર્થીઓમાં અવકાશ વિજ્ઞાનના શિક્ષણને પ્રોત્સાહન આપવા વિવિધ વિષયવસ્તુ આધારિત સ્પર્ધાઓ પણ યોજાઈ. સ્પર્ધાઓના વિજેતાઓને આજે સ્પેસ ઍપ્લિકેશન સેન્ટર- SAC અને ઇસરોના અવકાશ વૈજ્ઞાનિકો દ્વારા સન્માનિત કરાયા. આ અંગે ગુજકૉસ્ટના સલાહકાર અને વૈજ્ઞાનિક નરોત્તમ સાહૂએ વધુ માહિતી આપી.

**(BYTE: NAROTTAM SAHOO, ADVISOR, GUJCOST)**

ઉલ્લેખનીય છે કે, દેશભરમાં આજે બીજો રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ 23 ઑગસ્ટ 2023માં ચંદ્રયાન ત્રણ અભિયાનના વિક્રમ લૅન્ડરને સફળતાપૂર્ણ અવકાશમાં પહોંચાડવા અને પ્રજ્ઞાન રોૅવરને ચંદ્રમા પર લઈ જવાની યાદમાં ઉજવાય છે. ચંદ્રમાના દક્ષિણ ધ્રુવ પાસે પહોંચવું એ ભારતની મહત્વની સિદ્ધિ છે અને તેનાથી ભારત ચંદ્રની ધરતી પર લૅન્ડ કરનારો ચોથો અને દક્ષિણ ધ્રુવ પાસે પહોંચનારો પહેલો દેશ બન્યો છે.

. . .

# SPORTS SHOOTING

અમદાવાદનાં ખેલાડી એલાવેનિલ વલારિવાને કઝાખસ્તાનમાં 16-મી એશિયન નિશાનેબાજ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો. તેમણે આ સિદ્ધિ ભારતીય નિશાનેબાજ અર્જૂન બાબૂતા સાથે રમીને મેળવી. કઝાખસ્તાનના શિમકૅન્ટમાં યોજાયેલી સ્પર્ધામાં 10 મીટર એર રાઈફલ મિક્સ્ડ ટીમ સ્પર્ધામાં ભારતીય જોડીએ સુવર્ણ જીત્યો.

આ જોડીએ ફાઈનલ મૅચમાં ચીનનાં પૅન્ગ શિનલૂ અને લૂ ડિંગકેને 17—11થી હરાવી ખિતાબ પોતાના નામે કર્યો.

. .